# મહિલાઓ માટે રોજગાર ભરતી મેળો

**જામનગર,** ગુજરાત રાજયમાં મહિલા સશક્તિકરણની નીતિને ધ્યાને રાખીને રોજગાર ક્ષેત્રે મહિલાઓનુ પ્રતિનિધિત્વ વધે તે ઝુંબેશ સ્વરૂપે મદદનિશ નિયામક(રોજગાર)ની કચેરી, જામનગર દ્વારા મહિલાઓ માટે ખાસ રોજગાર ભરતી મેળો તા.૨૧-૦૬-૨૦૧૭, બુધવારના રોજ સવારે ૧૦:૦૦ કલાકે મહિલા આઇ.ટી.આઇ. કેમ્પસ, બસ સ્ટેન્ડ સામે, જામનગર ખાતે રાખવામાં આવેલ છે. આ ભરતી મેળામાં જુદા જુદા સર્વીસ સેક્ટરના નોકરીદાતાઓ ઉપસ્થિત રહેનાર છે તેમજ મહિલાઓ પોતાના પગભર થઇ શકે અને પોતાનો ધંધો-સ્વરોજગાર સ્થાપિત કરી શકે તે માટે સ્વરોજગાર શિબિરનુ પણ આયોજન કરેલ છે. આ ભરતીમેળા- સ્વરોજગાર શિબિરમાં ધોરણ ૧૦, ૧૨ કે તેથી વધુ લાયકાત ધરાવતી મહિલાઓ ભાગ લઇ શકશે. ઉમર મર્યાદા ૧૮ થી ૩૫ રહેશે. નોકરીદાતાઓ સ્થળ પર હાજર રહી તેમની ખાલી જગ્યાઓ માટે સ્થળ પર જ પસદંગી કરશે. આ જોબફેરમાં લાયકાત ધરાવતા ઉમેદવારોએ સ્વખર્ચે ઇન્ટરવ્યુમાં ઉપસ્થિત રહી શકશે. તમામ અસલ અને નકલ પ્રમાણપત્રો સાથે બે ફોટોગ્રાફ તેમજ બાયોડેટા સાથે ઇન્ટરવ્યુમાં હાજર રહેવાનુ છે. આ જોબફેર-સ્વરોજગાર શિબિરમાં રોજગાર કચેરી ખાતે નામ નોંધણી કરાવેલ ન હોય તેવા ઉમેદવારો પણ ભાગ લઇ શકશે તેમ મદદનિશ નિયામક(રોજગાર), જામનગરની યાદીમાં જણાવાયુ છે.

# વિશ્વ યોગ દિવસ-૨૧મી જૂન : ડાંગ જિલ્લામાં દસ સ્થળોએ યોજાશે

ડાંગઃ વિશ્વ યોગ દિવસ : તા.૨૧મી જૂન, ૨૦૧૭ની ડાંગ જિલ્લામાં જુદા જુદા દસ સ્થળોએ યોગાભ્યાસ સાથે શાનદાર ઉજવણી થશે.

ડાંગ કલેક્ટર શ્રી બી.કે.કુમારના માર્ગદર્શન હેઠળ જિલ્લામાં યોજાનારા યોગાભ્યાસના મુખ્ય કાર્યક્રમમાં જિલ્લાના સૌ પ્રજાજનોને સહભાગી થવાનો અનુરોધ કરવામાં આવ્યો છે. કલેક્ટર શ્રી કુમારે યોગાભ્યાસને જીવનશૈલી બનાવવા પણ પ્રજાજનોને હાંકલ કરી છે.

પ્રાપ્ત વિગતો અનુસાર ડાંગ જિલ્લામાં (૧) રંગ ઉપવન-આહવા, (૨) ડાંગ સ્વરાજ આશ્રમ-આહવા, (૩) પોલીસ પરેડ ગ્રાઉન્ડ-આહવા, (૪) ખેડૂત તાલીમ ભવન-આત્મા પ્રોજેક્ટ બિલ્ડિંગ-આહવા, (૫) દીપદર્શન શાળા-આહવા, (૬) લેકવ્યૂ ગાર્ડન-સાપુતારા, (૭) ખેતીવાડી માધ્યમિક શાળા-વઘઇ, (૮) કોમ્યુનિટિ હોલ-વઘઇ, (૯) નવજ્યોત હાઇસ્કૂલ-સુબિર, અને (૧૦) શબરીધામ-સુબિર ખાતે તા.૨૧/૬/૨૦૧૭ને વિશ્વ યોગ દિવસે મુખ્ય કાર્યક્રમો યોજાશે. જેને સફળ બનાવવા માટે સહયોગી સંસ્થાઓ સહિત જિલ્લા પ્રશાસનના સંબંધિત વિભાગોએ કાર્યવાહી હાથ ધરી છે.

# મહાત્મા ગાંધી- દર્સન ટુરીસ્ટ ટ્રેન- આસ્થા સ્પેશિયલ સાબરમતી સ્ટેશનથી ઉપડશે આજે

અમદાવાદના સાબરમતી આશ્રમના શતાબ્દી મહોત્સવ પર ભારતીય રેલવે કેટરિંગ એન્ડ ટુરીઝમ કોર્પોરેશન (આઈઆરસીટીસી) તથા ગુજરાત પર્યટન નિગમ દ્વારા સંયુક્ત રીતે તા.૧૭ જુન એટલે આજે અમદાવાદના સાબરમતી (મોટી લાઇન) સ્ટેશનતી મહાત્મા ગાંધી દર્શન ટુરીસ્ટ ટ્રેન- આસ્થા સ્પેશ્યલ દોડાવવામાં આવનાર છે. સાબરમતી (બીજી) સ્ટેશન પર ૧૭ જૂન, ૨૦૧૭ના સવારે ૭.૩૦ કલાકે આયોજિત કાર્યક્રમમાં ગુજરાતના માનનીય મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણી દ્વારા આ સ્પેશ્યુલ ટ્રેન આસ્થા સ્પેશ્યલ ને લીલી ઝંડી બતાવીને પ્રસ્થાન કરવામાં આવશે.

આ સ્પેશ્યલ ટ્રેન સાબરમતીથી ૧૭જુનના રોજ ઉપડીને આણંદ, વડોદરા, ભરુચ અને સુરત થઈને ૧૮ જુને વર્ધા પહોંચશે. જ્યાં ૧૯૩૪માં મહાત્મા ગાંધી નિવાસ કરતા હતા. અંગ્રેજો વિરૂદ્ધ ભારત છોડો આંદોલનનો પાયો અહીં સેવાગ્રામ આશ્રમમાં નંખાયો હતો. અહીંથી આ ટ્રેન ૨૦ જુને વાયા ઇટારસી, જબલપુર, બેતીયા તથા મોતીહારી પહોંચશે. અહીં ચંપારણ સત્યાગ્રહને સમજવા માટે હજારીમલ ધર્મશાળા, ભીટીહરવા આશ્રમ , બિંદ્રાના, મુરલી, ભરહાવા અને હરદિયા કોઠીની યાત્રા કરાવવામાં આવશે. ૨૨ જુને ગયામાં મહાબૌધી મંદિરના દર્શન થશે. ૨૩ જુનના રોજ વારાણસી, ૨૪ જુને અલ્હાબાદ થઈને આ ટ્રેન ૨૬ જુને સુરત, ભરુચ, વડોદરા, આણંદ અને સાબરમતી પહોંચશે.

પ્રવાસીઓને વિનંતી છે કે પ્રવાસ દરમિયાન સાથે ફોટો ઓળખપત્ર જરૂર રાખે.

# શ્રી નગરનાં આર કે સરોવર પોર્ટીકોએ પ્રીમીયમ રૂમની સીરીઝ રજૂ કરી



સુંદર બરફથી ઢંકાયેલા પહાડોની નયનરમ્ય છટાથી ઘેરાયેલ આર કે સરોવર પોર્ટીકો શ્રીનગર વ્યાવસાયિકોની સાથે આરામ ઇચ્છતાં પર્યટકો માટે આધુનિક સુખ સુવિધા સંપન્ન રહેલા લાયક જગ્યા છે. અહીં મફત વાઇ ફાઇની સુવિધા સાથે એસી અને સંપૂર્ણ સાજ સજ્જા ધરાવતા રૂમ ઉપલબ્ધ છે. પોતાનાં તમામ પર્યટકો અને મહેમાનોને વધારે શાનદાર અને આરામદાયક રોકાણ પ્રદાન કરતી હોટેલ આર કે સરોવર પોર્ટીકો, શ્રીનગરે જૂન ૨૦૧૭ માં પ્રીમીયમ ઓરડાની સીરીઝ રજૂ કરી છે. આ હોટલમાં કુલ ૧૮ પ્રીમીયમ રૂમની સીરીઝ શરૂ કરવામાં આવી છે, જેની કિંમત રૂ. ૧૦,૦૦૦થી શરૂ થાય છે.

દરેક ઓરડામાં આધુનિક અને સમકાલીન કાશ્મીરી ઇન્ટિરીઅરની સાજસજ્જા છે. આશરે ૨૪૦ ચોરસ ફુટ વિસ્તાર ધરાવતાં રૂમમાં કોઇ પણ સામાન્ય રૂમ કરતાં વધારે જગ્યા છે. વધારે માળ પર સ્થિત આ ઓરડા પરિવારજનો સાથે આવેલા પ્રવાસીઓ માટે બનાવવામાં આવ્યા છે. ઉપલબ્ધ સુવિધાઓમાં પર્સનલ ચેક ઇન અને ચેક આઉટ , વૂડન ટેક્સર ફ્લોરીંગ ધરાવતી આધુનિક ડિઝાઇન, મોટા આરીસા, બેડ, મોટા કબાટ અને કામ કરવાની ડેસ્ક, હાઇ સ્પીડ ઇન્ટરનેટ સુવિધા સામેલ છે. દરેક રૂમમાં અલગથી શાવર ક્યુબિકલ અને રેઇન્ના શાવરની સાથે વેનિટી બાથરૂમ સામેલ છે. પ્રિમીયમ રૂમમાં મફત સ્થાનિક અખબાર, વાઇ ફાઇ, ચા- કોફી, બ્રાન્ડેડ પાણીની બોટલ, આયરન અને આયરન બોર્ડની પણ સુવિધા છે.

હોટલ આરકે સરોવર પોર્ટીકો, શ્રીનગરનાં મેનેજીંગ ડિરકટર સદ્દામ જારૂનાં કહેવા પ્રમાણે અમે આ રૂમની ડિઝાઇન એવી રીતે બનાવી છે. જેમાં મહેમાનોને તેમનાં રૂમમાંથી શ્રેષ્ઠ નજારો જોવા મળે. એક મિડ સેગમેન્ટ હોટલ હોવાની સાથે એમે રૂમનું ભાડુ ઘણું ઓછું રાખ્યુ છે. જેથી સંપૂર્ણ પરિવારજનો આનંદ માણી શકે. (૪)

# પોરબંદર જિલ્લાના ખેડુતોએ બિયારણ, જંતુનાશક દવા તથા રાસાયણિક ખાતરો ખરીદતી વખતે સાવચેતી રાખવી

**પોરબંદર,** પોરબંદર જિલ્લાના ખેડૂતોએ બિયારણ, રાસાયણિક ખાતર અને જંતુનાશક દવાની ખરીદી હંમેશા તેનાં અધિકૃત લાયસન્સ/પરવાનો ધરાવતી સહકારી મંડળીઓ અથવા તો પ્રતિષ્ઠિત વિક્રેતાઓ પાસેથી જ ખરીદ કરવાનો આગ્રહ રાખવો. રાસાયણિક ખાતરની થેલી, જંતુનાશક દવાની બોટલ/ ટીન તથા બિયારણની થેલી સીલબંધ છે કે કેમ તેની ખાતરી કરવી તથા કોઇ પણ સંજોગોમાં મુદ્દત પુરી થયેલી જંતુનાશક દવા અથવા તો બિયારણની ખરીદી ના કરવા માટે જણાવાયું છે. તેમજ ત્રણેય ઇનપુટસનાં વેપારી પાસેથી તેનાં લાયસન્સ નંબર અને પુરેપુરા નામ/ સરનામાં તથા તેની સહીવાળા બિલમાં ઉત્પાદકનું નામ/ લોટ નંબર/ બેચ નંબર તથા જંતુનાશક દવા અને બિયારણનાં કિસ્સામાં તેની ઉત્પાદન અને મુદ્દત પુરી થયા તારીખ વગેરે તમામ વિગતો દર્શાવતું પાકું બિલ મેળવી લેવું અને બીલમાં દર્શાવેલ વિગતોની ખરાઇ થેલી/ ટીન/ લેબલ સાથે અવશ્ય કરી લેવી, ખાતરની થેલી/ બારદાન ઉપર યથાપ્રસંગ, ફર્ટીલાઇઝર એવો શબ્દ લખેલ ન હોય તો તેવી થેલીમાં ભરેલ પદાર્થ ખરેખર ખાતરને બદલે કોઇ ભળતો પદાર્થ હોઇ શકે અને આવા પદાર્થોની ખાતર તરીકે ખરીદી ન કરવી, વૃધ્ધિ કારકો (ગ્રોથ હોરમોન) સહિત જંતુનાશક દવાનાં લેબલ ઉપર સેન્ટ્રલ ઇન્સેક્ટીસાઇડ બોર્ડ દ્વારા આપવામાં આવેલ તેનો સી.આઇ.બી. રજીસ્ટ્રેશન નંબર તથા ઉત્પાદન લાયસન્સ નંબર લખેલ ન હોય તેમજ તેનાં લેબલ ઉપર ૪૫સેલ્સ્યસ નાં ખુણે હીરાનાં આકારમાં મુકેલ ચોરસમાં બે ત્રિકોણ પૈકી નીચેનાં ત્રિકોણમાં ચળકતો લાલ, પીળો, વાદળી કે લીલો રંગ જ્યારે ઉપરનાં ત્રિકોણમાં તેનાં ઝેરીપણા અંગેની નિશાની/ ચેતવણી લખેલ ન હોય તે વૃધ્ધિકારકો/ જંતુનાશક દવાની બોટલ/ પાઉચ/ પેકેટ/ થેલીમાં રહેલ વૃધ્ધિકારકો/ જંતુનાશક દવાની ગુણવત્તાની કોઇ ખાતરી ન હોવાથી આવા વૃધ્ધિકારકો/ જંતુનાશકોની ખરીદી કોઇ પણ સંજોગોમાં ન કરવી.

# શ્રીકૃષ્ણશંકર શાસ્ત્રીજીની જન્મશતાબ્દી નિમિત્તે શ્રીવરતન્તુ સંસ્કૃત મહાવિદ્યાલય દ્વારા વિશેષ નિઃશુલ્ક કાર્યક્રમ



પ્રતિદિન ૨ કલાકનું પ્રશિક્ષણ મેળવી કોઈપણ વ્યક્તિ ૧૧ દિવસમાં સંસ્કૃત બોલતા શીખી સકે છે. આ વિશેષ કાર્યક્રમનું આયોજન શ્રીભાગવત વિદ્યાપીઠના સંસ્થાપક શ્રીકૃષ્ણશંકર શાસ્ત્રીજીની જન્મશતાબ્દીના અવસર નિમિત્તે શ્રીવરતન્તુ સંસ્કૃત મહાવિદ્યાલય દ્વારા નિર્ધારિત વિવિધ કાર્યક્રમોમાં એક છે.

કાર્યક્રમ બાબતે માહિતી આપતાં મહાવિદ્યાલયના પ્રધાનાચાર્ય ડૉ. હિતેન્દ્ર જી વ્યાસે જણાવ્યું કે આજ સંપૂર્ણ વિશ્વમાં સંસ્કૃત ભાષાની વૈશ્વિકતા અને કમ્પ્યૂટર જેવા ક્ષેત્રમાં સંસ્કૃતના સિદ્ધાંતોની ઉપયોગિતા સિદ્ધ થઈ ગઈ છે. લોકોને સંસ્કૃત શીખવામાં વિશેષ રુચિ છે. પરંતુ ઘણા લોકોને સંસ્કૃત કઠિન ભાષા લાગે છે.

આ બધા મુદ્દાઓને ધ્યાનમાં રાખી મહાવિદ્યાલયે સંસ્કૃત શીખવવા માટેની એક સરળ વિધિ વિકસાવેલ છેઃ જેના દ્વારા કોઈપણ વ્યક્તિ સંસ્કૃતમાં સંવાદ કરી શકે છે. તેમણે કહ્યું કે મહાવિદ્યાલયનું ઉદ્દેશ્ય સંસ્કૃતનો પ્રચાર કરવાનું છે, તેથી આ કાર્યક્રમ પૂર્ણતયા નિઃશુલ્ક છે.

સરકારશ્રીના કન્યાકેળવણી અભિયાનમાં ભાગવત વિદ્યાપીઠ પણ સાથે છે.ધો. ૧૨ પાસ કન્યાઓને આ સરકારમાન્ય સંસ્કૃત કોલેજમાં બીએ ની ડીગ્રી મેળવવા નિઃશઉલ્ક પ્રવેશ આપવામાં આવશે.

શ્રી ભાગવત વિદ્યાપીઠ, સોલામાં આવેલ શ્રી વરતન્તુ સંસ્કૃત મહાવિદ્યાલય સરકારમાન્ય સંસ્થા છે. જ્યાં અન્ય કોલેજની માફક સંસ્કૃત પુરાણ, વ્યાકરણ , સાહિત્ય વેદ, ધર્મશાસ્ત્ર, અભઅયાસ કરી છાત્ર-છાત્રાઓ સંસ્કૃત થી એસએસસી એચએસસી તથા બીએ અને એમએ જેવી ડીગ્રી મેળવી શકે છે. (૨૨-૧)

# બીએસએનએલ ચૌકા-૪૪૪ ઓફર : અનલિમિટેડ ડેટા પૂરા ૯૦ દિવસ

સરકારી ક્ષેત્રની સૌથી મોટી ટેલિકોમ કંપની બીએસએનએલ ગ્રાહકો માટે બીએસએનએલ ચૌકા-૪૪૪ ઓફર લઈને આવી છે. જેમાં પ્રતિ દિવસ ૪ જીબી ડેટા પૂરા ૯૦ દિવસ માટે મળશે. પ્રતિ દિવસ ૩ જીબી ડેટા ઉપલબ્ધ કરાવતા ત્રિપલ છક્કી-૩૩૩ પ્લાનની સફળતાથી પ્રેરિત થઈને વધારે ડેટાનો ઉપયોગ કરતાં ગ્રાહકોને લક્ષમાં રાખીને બીએસએનએલ ચૌકા ઓફર લાવવામાં આવી છે.

ગુજરાત સર્કલના મુખ્ય મહાપ્રબંધક ડો. પ્રદીપ કુમાર હોતાએ જણાવ્યું કે વધતાં ડેટાના ઉપયોગને ધ્યાનમાં રાખતાં બીએસએનએલ તેમના ગ્રાહકોને સારી અને વ્યાજબી સેવાઓ આપવા માટે સદા પ્રતિબદ્ધ છે.

# લેન્કસેસને ૨૦૧૭માં કંપનીના ઈતિહાસમાં ઉત્તમ પરિણામોની અપેક્ષા

સ્પેશિયાલ્ટી કેમિકલ્સ કંપની લેન્કસેસે ૨૦૧૭નું અત્યંત મજબૂ પ્રથમ ત્રિમાસિક અને યુએસ સ્થિત કંપની કેમતુરાનું સફળ હસ્તાંતરણ સાથે કંપનીના ઈતિહાસમાં સર્વોચ્ચ સંપૂર્ણ વર્ષનાં પરિણામો પ્રદર્શિત કર્યા છે.

સ્પેશિયાલ્ટી કેમિકલ્સ કંપનીનાં વૈશ્વિક વેચાણો ગત વર્ષના ૧.૯ અબજ યુરોની તુલનામાં ૨૦૧૭ના પ્રથમ ત્રિમાસિકમાં ૨.૪ અબજ યુરો સાથે ૨૫ ટકાનો પૂરતો વધારો નોંધાયો છે. ઈબીઆઈટીડીએ પ્રી એક્સેપ્શનલ્સ પણ ૨૦૧૬ના પ્રથમ ત્રિમાસિકમાં ૨૬૨ મિલયન યુરોની તુલનામાં આ વર્ષે ૩૨૮ મિલિયન યુરો સાથે ૨૫ ટકા સુધર્યા છે. અત્યંત હકારાત્મત પ્રથમ ત્રિમાસિકની આ પ્રગતિ મુખ્યત્વે બધા સેગમેન્ટ્સમાં વોલ્યુમ્સમાં નોંધનીય વધારાથી પ્રેરિત છે.

ઈબીઆઈટીડીએ માર્જિન પ્રી એક્સેપ્શનલ્સ ૧૩.૭ ટકા નોંધાયા હતા, જે ગયા વર્ષે ૧૩.૬ ટકાની સહેજ ઉપર છે. ચોખ્ખી આવક ગયા વર્ષના ત્રિમાસિકમાં ૫૩ મિલિયન યુરો સામે આ વર્ષે આ જ સમયગાળામાં ૭૮ મિલિયન યુરો સાથે ૪૭ ટકાથી નોંધનીય રીતે વધી છે.

૨૦૧૭ના આખા વર્ષ માટે કંપની ૧.૨૨૫ અબજ યુરો અને ૧.૩ અબજ યુરો વચ્ચે ઈબીઆઈટીડીએ પ્રી એક્સેપ્શનલ્સ નોંધાવાની અપેક્ષા રાખે છે. આ વરતારોમાં નવા હસ્તગત કરાયેલા કેમતુરાના વેપારોમાંથી આવકના યોગદાનનો સમાવેશ થાય છે. ૨૦૧૭ તેથી જ કંપનીના ઈતિહાસમાં અત્યંત સફળ આર્થિક વર્ષ બની શકે છે. લેન્કસેસે ૨૦૧૨માં તેનાં સર્વોચ્ચ ઓપરેટિંગ પરિણામો નોંધાવ્યો હતો, જે સમયે તેણે આશરે ૧.૨ અબજ યુરોના આંકડાને સ્પર્શ કર્યો હતો. (૧-૭)

# રથયાત્રા નિમિત્તે પેટલાદ શહેરમાં વાહન વ્યવહાર નિયમન

આણંદઃ પેટલાદ શહેરમાં તા.૨૫/૬/૨૦૧૭ને રવિવારના રોજ રથયાત્રા નિમિત્તે શોભાયાત્રા નીકળનાર છે. આ દરમ્યાન કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જળવાઇ રહે તે માટે અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, આણંદે કાયદાની લાગુ પડતી જોગવાઇઓને અનુલક્ષીને શહેરના કેટલાક રસ્તાઓ ઉપર પસાર થતા વાહનો માટે સવારે ૮-૦૦ થી રાત્રિના ૨૪ કલાક સુધી પ્રતિબંધ ફરમાવી આ માર્ગો પરના વાહનો માટે ડાયવર્ઝન આપવાના હુકમો કર્યા છે. તદનુસાર પેટલાદ રણછોડજી મંદીરથી શાક માર્કેટ, ટાઉન હોલ, એન.કે. હાઇસ્કુલ, સરદાર ચોક, સ્ટેશન રોડ, બસસ્ટેન્ડ નજીક, બસસ્ટેન્ડથી નાના શાક માર્કેટ, જેત્રાના વડ, કાળકા ચોકડી, પઠાણવાડા હજામ લીમડી, નાડીયાપાડા, પ્રકાશ મોદીનું દવાખાનું, પારેખની ખડકી, ચોક્સી બજાર, પટેલ વાડા, સોડા ફેકટરી, અંબામાતા મંદીર, અંબામાતા મંદીર થી ભાઇ ચકલા, દેવકુવા ટાવર, ચાવડી બજાર, ચાવડી બજાર થી નાગર કુવા, જવાહર શેરી, પલક હોર્પીટલ, ગાંધી ચોક, લાયબ્રેરી, ચાવડી બજાર, નવાપુરા થઇ રણછોડજી મંદીર માર્ગ વાહનો માટે પ્રતિબંધિત રહેશે.

# ફિલીપ મોરિસનો આંધ્રપ્રદેશ અને કર્ણાટકમાં તમાકુની ખેતીમાં બાળ મજૂરોના ઉપયોગનો કાર્યક્રમ

**અમદાવાદ,** ફિલીપ મોરિસ ઈન્ટરનેશનલ (પીએમઆઈ)ની ભારતમાં હોલસેલ ટ્રેડિંગ શાખા પીએમઆઈ ઈન્ડિયાએ તમાકુ ઉત્પાદકો દ્વારા બાળ મજૂરોના ઉપયોગમાં ઘટાડો અને તેને દૂર કરવાના તેના કાર્યક્રમના પરિણામે શાળામાં બાળકોની હાજરીમાં નોંધપાત્ર વધારો જોવા મળ્યો છે. આ પ્રોજેક્ટ કે જે 'આંધ્રપ્રદેશ અને કર્ણાટકના ગામોમાં તમાકુ ઉત્પાદનમાં બાળ મજૂરીને અટકાવવા અને ગ્રામવિકાસ' પર આધારિત છે તેને સ્વયંસેવી સંસ્થા આસિસ્ટ દ્વારા હાથ ધરવામાં આવ્યો અને તેમાં શાળાઓમાં હાજરી વધે એ માટે, આવક વધે એવી પ્રવૃતિઓ અને જનજાગૃતિ માટે શાળાના ઈન્ફાસ્ટ્રક્ચરના વિકાસમાં લક્ષ આપવામાં આવ્યું છે.

આ પ્રોગ્રામના કારણે ૩૦ ગામોમાં ૩૪ સમુદાયોનાં બાળકો શાળાએ નિયમિત જવા લાગ્યા છે. લગભગ ૮૦૦૦ વિદ્યાર્થીઓએ નિયમિતપણે શાળાએ જવાનું શરૂ કરી દીધું છે. ચાઈલ્ડ ટુ ચાઈલ્ડ વર્કશોપ્સ દ્વારા ૩૪૦૦થી વધુ બાળકો સુધી અવેરનેસ પ્રોગ્રામ્સ પહોંચ્યા છે. જાગૃતિ માટે રેલીઓ અને સાંસ્કૃતિક કાર્યક્રમોમાં ૬૦૦૦૦થી વધુ ગામવાસીઓ સાથે ૭૦૦૦ બાળકોને સામેલ કરાયા છે.

આઈપીએમ ઈન્ડિયાના કોર્પોરેટ અફેર્સના ડિરેક્ટર આર. વેંકટેશે કહ્યું છે, 'દર વર્ષે પીએમઆઈ ૮૦૦૦ જેટલા બાળકોને કર્ણાટક અને આંધ્રપ્રદેશના તમાકુ ઉત્પાદન કરાય છે એવા પ્રદેશોમાં સહયોગ આપે છે. પીએમઆઈ ખાતે અમે સસ્ટેનેબલ ખેતી, ઉત્તમ તકો ખેડૂતોને મળી રહે એ માટે તથા બાળ મજૂરીને નાબુદ કરવા માટે પ્રતિબદ્ધ છીએ. ભારતમાં અમારા તમાકુના ખેતરો નથી અને તેથી તે અમારા માટે ઈકોનોમિક, એન્વાયર્નમેન્ટલ અને સામાજિક ફૂટપ્રિન્ટનો એક મહત્ત્વનો ભાગ છે. (૨૦)

# ફેયર એનર્જી રૂફટોપ સૌર સેગ્મેન્ટમાં મોબાઈલ એપ્લિકેશન 'ફેયર સનપ્રો'




**અમદાવાદ,** સૌર અંગે સંપૂર્ણ સેવા પૂરી પાડનાર ફેયર એનર્જીએ અમદાવાદમાં ફેયર સનપ્રોટીએમ લોન્ચ કરી છે, જે ક્રાંતિકારી 'ઈન્ડિયા ફર્સ્ટ' મોબાઈલ એપ્લિકેશન છે, જે ગ્રાહકોને તેમનો રૂફટોપ સોલાર બિઝનેસ સરળતાથી ચલાવવામાં મદદરૂપ થશે. ફેયર સનપ્રોટીએમ આઈઓએસ અને એન્ડ્રોઈડ બંને ડિવાઈસીસ પર ચાલે છે. તે જટીલ ગાણિતિક નિયમો અને ડેટા વિશ્લેષણનો ઉપયોગ કરીને ગ્રાહકની સૌર જરૂરિયાતોને પૂરી કરવાની સંપૂર્ણ પ્રક્રિયાને એકદમ સરળ બનાવે છે.

પ્રત્યેક ગ્રાહકોની વ્યક્તિગત જરૂરિયાતો માટે સનપ્રોના ઉપયોગથી વિશિષ્ટ રીતે આ સિસ્ટમ ડિઝાઈન કરાઈ છે. ઓટોમેટેડ સાઈટ સર્વે અને સિસ્ટમ ડિઝાઈન વેચાણ પ્રક્રિયા તેમજ ખરીદી અને ઈન્સ્ટોલેશન દરમિયાન ખામીઓને દૂર કરે છે. એપનું ચોમેર ફેલાયેલું પ્લેટફોર્મ ૫ વ્યક્તિની ટીમ (ડિઝાઈન એન્જિનિયર, પ્રાઈસિંગ સ્પેશિયાલિસ્ટ, કસ્ટમર મેનેજમેન્ટ, સપ્લાય ચેઈન અને પ્રોજેક્ટ મેનેજમેન્ટ)ની સમકક્ષ છે. આ એપ તમને 24x7, ૩૬૫ દિવસ ઓર્ડર્સ પૂરા કરવામાં મદદરૂપ થાય છે. આ એપ ગ્રાહક સાથે ૧-૨ મીટિંગમાં જ યુઝર્સ માટે વેચાણ સાઈકલ ઘટાડવામાં મદદરૂપ થાય છે. સનપ્રો ઓફલાઈન અને ઓનલાઈન બંને રીતે કામ કરે છે અને વિગતવાર પ્રાઈસિંગની ભલામણ કરે છે. (૧૬)

# જાહેર હિસાબ સમિતિએ વાપી જી.આઇ.ડી.સી.ની મુલાકાત લીધી

વલસાડ-: ગુજરાત વિધાનસભાની જાહેર હિસાબ સમિતિ વાપી જી.આઇ.ડી.સી.માં સેન્ટરર ઓફ એકસીલન્સીા, સી.ઇ.ટી.પી. તેમજ મુકિતધામની મુલાકાત લીધી હતી. સેન્ટ ર ઓફ એકસીલન્સીફ ખાતે ઉપલબ્ધ અદ્યતન સાધનસામગ્રી તેમજ તેના ઉપયોગ અંગેનું પ્રેઝન્ટેતશન નિહાળ્યુંત હતું. સમિતિએ સી.ઇ.ટી.પી. ખાતે ચાલતા ફિલ્ટ્રેશન પ્લાુન્ટળ તેમજ ફાઇનલ આઉટલેટની મુલાકાત લઇ સંતોષ વ્ય.ક્તટ કર્યો હતો. વાપી ખાતે બનેલા મુક્તિધામની મુલાકાત પણ સમિતિએ લઇ તેના નિર્માણમાં સહયોગી દાતાઓની સરાહના કરી હતી. સમિતિના અધ્ય ક્ષશ્રી મોહનસિંહ રાઠવાની અધ્યતક્ષતામાં વાપી વી.આઇ.એ. ખાતે બેઠકમાં ઉદ્યોગકારો દ્વારા રજૂ થયેલા પ્રશ્નોહ બાબતે સમિતિએ વિષયવાર અલગ-અલગ પ્રશ્નો। સ્થા નિક ધારાસભ્યરશ્રી દ્વારા વિધાનસભામાં રજૂ કરવા સૂચન કર્યું હતું. ડેપ્યુ ટી સેક્રેટરીશ્રી એમ.એમ.પરીખે સમિતિની કામગીરી બાબતે વિસ્તૃ ત જાણકારી આપી હતી. જી.પી.સી.બી.ના મેમ્બયર સેક્રેટરીશ્રી કે.સી.મિષાીએ ઉદ્યોગકારોની કામગીરીની સરાહના કરી અભિનંદન પાઠવ્યાપ હતા.

# નડિયાદની એમ.પી.યુ.એચ-કિડની હોસ્પીટલમાં દ્વિદિવસીય ટ્રાંસપ્લાન્ટ સેમિનારનો પ્રારંભ



**અમદાવાદ,** દેશ અને દુનિયાભરમાં કિડનીના દર્દોના નિદાન-નિવારણ માટે સુપ્રસિદ્ધ નડિયાદની મૂળજીભાઈ પટેલ યુરોલોજીકલ કિડની હોસ્પીટલમાં આજથી દ્વિદિવસીય કિડની ટ્રાંસપ્લાન્ટ સેમિનારનો પ્રારંભ થયો હતો. જેમાં કિડની અને યુરોલોજી ક્ષેત્રના દેશ-વિદેશના ૧૨૫ જેટલાં તબીબો ભાગ લઈ રહ્યા છે. જેમાં યુ.એસ.એસ.-ઓરેગન યુનિ.ના ડૉ . જહોન બેરી, બાંગ્લાદેશના ડૉ. તોહીદ હુસેન ને ઈજિપ્તના ડૉ. યાસર ઓસ્માન પણ ઉપસ્થિત રહ્યા છે. કિડની ટ્રાંસપ્લાન્ટ દેશાઈએ જણાવ્યું હતું કે "નડિયાદદની મૂળજીભાી પટેલ યુરોલોજીકલ હોસ્પીટલ કિડની ટ્રાંસપ્લાટ કરવાની શરૂઆત ૪૦ વર્ષ પૂર્વ કરી હતી. અત્યાર સુધીમાં હોસ્પિટલે ૩૦૦૦ કિડની ટ્રાંસપ્લાંટ ઓપરેશન કર્યા છે. ત્યારે ચાર દાયકાની આ મજલ દરમિયાન કિડની ટ્રાંસપ્લાન્ટ ક્ષેત્રે અનેક પરિવર્તન આવ્યા છે. રોબોટીક કિડની ટ્રાંસપ્લાન્ટ જેવી અત્યાધુનિક પધ્ધતિથી પણ હવે આ સારવાર શક્ય બની છે.પરંતુૉ દિવસે-દિવસે આ ટેકનોલૉજીના વિકાસ સાથે સારવાર વધુ ખર્ચાળ બનતી જાય છે. ત્યારે કિડનીવાંચ્છુ કોઈપણ દર્દીને તેને આર્થિક રીતે પરવડે તેવી સારવાર ઉપલબ્ધ બને તે જરૂરી છે. કિડની ટ્રાંસપ્લાન્ટ ક્ષેત્રે દેશ-વિદેશમાં સક્રિય તબીબો-ફેકલ્ટીઝના અનુભવોનો લાભ મળી રહે તે ઉદેશથી અહી નડિયાદની કિડની હોસ્પીટલમાં આ સેમિનારનું આયોજન કરાવ્યું છે."

અત્રે ઉલ્લેખનીય છે કે, નડિયાદની મૂળજીભાઈ પટેલ કિડની હોસ્પીટલ અત્યારે વર્ષ દરમિયાન ૧૬૦થી ૧૭ કિડની ટ્રાંસપ્લાન્ટ કરે છે. આગામી પાંચ વર્ષમાં તેની ક્ષમતા દર વર્ષે ૨૫૦ જેટલા ટ્રાંસપ્લાન્ટ કરવાની બની રહે તે માટે અત્યાધુનિક ટ્રાંસપ્લાન્ટ ટાવર પણ અત્રે ઉભું કરવાનો હોસ્પીટલનો પ્રોજેક્ટ અમલમાં છે. તેવું નિર્માણ કાર્ય બે વર્ષમાં પુરું થવાની શક્યતા છે.

ટ્રાંસપ્લાન્ટ સેમિનારના સવારના સેશનમાં યુ.એસ.એ. ઓરેગન યુનિ.ના પ્રોફેસર ડૉ. જહોન બેરીએ સ્વ.ડૉ. સ્નેહલ પટેલની સ્મૃતિમાં વકતવ્ય રજુ કર્યા હતા. તેમણે વર્ષ ૧૯૫૯થી ૨૦૧૭ પાંચ દાયકા ઉપરાંતના સમયગાળામાં કિડની ટ્રાંસપ્લાન્ટ ક્ષેત્રે થયેલા તબીબી સંશોધનો અને વિકાસની રૂપરેખા રજૂ કરી હતી.

# હવે ELALA.IN પર લઘુ અને ગૃહ ઉદ્યોગોને વેચાણ માટે મળશે એક નવુ પ્લેટફોર્મ




**અમદાવાદ,** ELALA.IN એ ગુજરાતની પ્રથમ ઓનલાઈન શોપિંગ પ્લેટફોર્મ બનીને ઊભરી આવ્યું છે. ELALA.IN એક એવુ પ્લેટફોર્મ છે જ્યાં તમે ફેશનથી લઈને જીવન જરૂરીયાતની એ તમામ વસ્તુની ખરીદી એક જ સ્થળ ઉપરથી કરી શકશો. છેલ્લા ઘણા સમયથી સમગ્ર વિશ્વમાં ઓનલાઈન શોપિંગ અને વેચાણનું મહત્વ ખુબ જ વધ્યુ છે ત્યારે ખાસ દેશના ગૃહ, લઘુ, તેમજ મોટા ઉદ્યોગ સાહસિકોની ધ્યાનમાં રાખીને ELALA.IN વેપારીઓને આપી રહ્યું છે એક અનોખુ માધ્યમ, જ્યાંથી તેઓ પોતાની પ્રોડક્ટની ખુબ જ સરળતાથી ગ્રાહકો સુધી પહોચાડી શકશે,

જે માટે ELALA.IN દ્વારા ખાસ એક એપ્લિકેશન બહાર પાડી છે જેનું નામ ELALA SELLER APP આપવામાં આવ્યું છે. આ એપની મદદથી નાના વેપારીઓ પોતાની પ્રોડક્ટને દેશના કોઈપણ ખુણામાં ખુબ જ સરળતાથી વેચાણ કરી શકશે, તેમજ આ એપની મદદથી નાના વેપારીઓ સીધા જ પોતાના ગ્રાહકોનો સંપર્ક કરી શકશે તેમજ ખુબ જ સરળતાથી પોતાનુ વળતર મેળવી શકશે. તે ઉપરાંત આ એપ પર રજીસ્ટ્રેશન કરવા માટે વેપારીઓએ કોઈ પણ પ્રકારની કિંમત ચુકવવી નહી પડે.

સામાન્ય રીતે કોઈપણ વેપારીને પોતાની પ્રોડક્ટનું વેચાણ ઓનલાઈન કરવુ હોય તો અનેક મુશ્કેલીઓનો સામનો કરવો પડતો હોય છે. ત્યારે ELALA.IN પર વેચાણ કરવા માટે તમારે કોઈપણ વેબસાઈટની જરૂર નહી પડે તે ઉપરાંત નાના વેપારીઓને ELALA SELLER APP પર વેચાણ કરવા માટે કોઈપણ પ્રકારની ફિ ભરવાની રહશે નહી. જે માટે કોઈપણ વેપારીએ ELALA SELLER APP ઉપર પોતાની વેચેલી પ્રોડક્ટ પર ખુબ જ નજીવા કમિશનની ELALA.IN ને ચુકવણી કરવાની રહશે. (૧૯-૧૦)

## જાહેર નોટીસ

ICICI Bank
ICICI Bank Limited
આઈસીઆઈસીઆઈ બેંક લીમીટેડ

**રજિસ્ટર્ડ ઓફિસ :** આઈસીઆઈસીઆઈ બેંક લીમીટેડ, લેન્ડમાર્ક, રેસ કોર્સ સર્કલ, વડોદરા-૩૯૦૦૦૭.
**કોર્પોરેટ ઓફિસ :** આઈસીઆઈસીઆઈ બેંક ટાવર્સ, બાન્દ્રા-કુર્લા કોમ્પલેક્ષ, બાંદ્રા (ઈ), મુંબઈ-૪૦૦૦૫૧.
**બ્રાંચ ઓફિસ :** આઈસીઆઈસીઆઈ બેંક લી., રિજનલ ઓફિસ, ખૈતાન, સાધુ સિંઘ કમ્પાઉન્ડ, તીન હાથ નાકા, થાણે (વે)-૪૦૦૬૦૫

નીચે જણાવેલ કરજદારો કે જે બાકી નીકળતી મૂળ રકમ અને વ્યાજ કે જે લોન તરીકે તેમણે સલામત દેવાદાર તરીકે લીધી છે તેઓને ચૂકવવામાં નિષ્ફળ ગયા છે. આ લોન લીધેલી હતી ને હવે લોન નોન પર્ફોર્મીંગ એસેટ (એનપીએ)ના વર્ગમાં લઈ જવામા આવે છે. સિક્યુરાઇઝેશન રિકંસ્ટ્રક્શન ફાઇનાન્સિયલ એસેટ એન્ડ ઇનફોર્સમેન્ટ ઓફ સિક્યુરીટી ઈન્ટરેસ્ટ એક્ટ, ૨૦૦૨ની કલમ ૧૩ (૨) મુજબ તેમના દ્વારા અમને છેલ્લે જણાયેલા સરનામા ઉપર નોટીસ આપી હતી. તે નોટીસ બજાવ્યા વગર પરત આવી છે અને તે હવે અહી જાહેર નોટીસ દ્વારા માહિતગાર કરવામાં આવે છે.

| ક્રમ નં. | કરજદાર/સહ-કરજદાર જામીનદારનું (લોન એકાઉન્ટ નંબર) નામ અને સરનામુ | જામીનમાં મુકેલ મિલ્કત/ અમલમાં આવનારી મિલ્કત | નોટીસ આપ્યાની તારીખ/ નોટીસની તારીખે બાકી રકમ | એનપીએ તારીખ |
|---|---|---|---|---|
| ૧. | શ્રી નીજાનંદ ટ્રેક્ટર્સ / નરેશકુમાર આર પ્રનામી / હિરલબેન ડાહ્યાભાઈ સોલંકી-૦૧૦૨૫૧૦૦૬૬૭૬ | આર.એસ. નં. ૪૯૭, પૈકી પ્લોટ નં. ૧૨૮ મૌજે, મોડાસા, તા. થરાદ, જિલ્લા-સાબરકાંઠા, ગુજરાત-૩૮૫૫૬૫. | ૨૬ મે, ૨૦૧૭ / રૂ.૫,૫૩,૩૧૩.૦૧/- | ૨૦ જાન્યુ., ૨૦૧૭ |

ઉપરોક્ત કરજદારો અને તેમના જામીનદારો (જેને લાગુ પડતુ હોય તે ) તેમને આપેલી નોટીસમાં તાકીદ કરવામાં આવે છે કે આ નોટીસ પ્રસિદ્ધ થયાના ૬૦ દિવસની અંદર બાકી નિકળતા નાણા ભરી જાય અને તેઓ તેમ કરવામાં નિષ્ફળ જશે તો સિક્યુરાઇઝેશન રિકંસ્ટ્રક્શન ફાઇનાન્સિયલ એસેટ એન્ડ ઇનફોર્સમેન્ટ ઓફ સિક્યુરીટી ઈન્ટરેસ્ટ એક્ટ,૨૦૦૨ની જોગવાઈ હેઠળ આપેલી નોટીસમાં મુજબ ૬૦ દિવસની મુદ્દત પુરી થયા બાદ આગળની કાર્યવાહી કરવામાં આવશે.

સહી/-
ઓથોરાઇઝડ ઓફિસર
**આઈસીઆઈસીઆઈ બેંક લીમીટેડ** વતી

તારીખ : ૧૭ જુન, ૨૦૧૭
સ્થળ : સાબરકાંઠા

## સૂચના

કૃપા કરી આપની જાહેરખબર તથા સમાચાર અમારા નિમ્નલિખિત ઈ-મેલ પર જ મોકલશો
lokmitra1948@gmail.com